## College of Agriculture Banking (CAB) પૂનાના ઉપક્રમે હવે Off Campus Training અમદાવાદ ખાતે શરૂ થનાર છે.

સ્ટેટ અંબ્રેલા ઓર્ગેનાઈઝેશનની મહત્વની કામગીરીમાં નાગરિક સહકારી બેન્કોના ડાયરેકટરો અને અધિકારીઓને, તાલિમ આપવાની મહત્વની ભૂમિકા છે. ગયા વર્ષે સ્ટેટ અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન તરીકે રાજયની તામા બેન્કોને વિભાગીય કક્ષાએ જામનગર, રાજકોટ, મહેસાણા, અમદાવાદ અને વડોદરા ખાતે RBI ના અધિકારીઓ તથા અન્ય તજજ્ઞોને સાથે રાખી પાંચ તાલીમ કાર્યક્રમો સંપન્ન કર્યા હતા.

નાગરિક સહકારી બેન્કો તરીકે અવાર નવાર આપના અધિકારીઓ રાજય બહાર પણ તાલિમ અર્થે જતા હોય છે. જેમાં કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ બેન્કીંગ(CAB) પુના એ બેન્કીંગની તાલીમ અંગેની એક ઉચ્ચ State of Art સંસ્થા છે. ગુજરાતમાંથી બહુ ઓછા ડાયરેકટરો અને અધિકારીઓ આ સંસ્થામાં તાલિમ લેવા જતા હોય છે. આથી ફેડરેશને RBI ને વિનંતી કરી CAB ના તજજ્ઞો અમદાવાદ અગરતો વિભાગીય કક્ષાએ નક્કી થનાર ગુજરાતના સ્થળો ઉપર આવી તાલિમ આપે તેવી વિનંતી કરતા CAB એ આપણી વિંનંતી ગ્રાહ્ય રાખી એપ્રીલ ૨૦૧૪ માં બે તાલીમી કાર્યક્રમો યોજવા સંમતિ આપેલ છે. જે નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | દિવસ | વિષય | કોના માટે |
|---|---|---|---|---|
| ૧ | ૨૨-૦૪-૨૦૧૪ થી ૨૩-૦૪-૨૦૧૪ | ૨ | Corporate Governance And Regulatory issues | ડાયરેકટરો માટે |
| ૨. | ૨૪-૦૪-૨૦૧૪ થી ૨૫-૦૪-૨૦૧૪ | ૨ | Investment and Funds Management | જનરલ મેનેજર/સી.ઈ.ઓ/ મેનેજર |

ઉપરોકત બે તાલિમ પૈકી પહેલી તાલિમ Corporate Governance And Regulatory issues ની તાલિમ માત્ર ને માત્ર નાગરિક સહકારી બેન્કોના ડાયરેકટરશ્રીઓ માટે છે. બદલાતા જતા સાંપ્રત બેન્કીંગ પ્રવાહોમાં ટેકનોલોજી સહિત ઘણી બધી બાબતો ડાયરેકટરશ્રીઓને જાણવી, સમજવી પડે, રેગ્યુલેશનના વિષયો પણ સમજવા પડે અને પોતાના કર્મચારીઓને નેતૃત્વ પુરૂં પાડી શકાય તે દિશામાં આગળ વધવું જરૂરી હોવાથી સંબંધિત બેન્કોના ચેરમેનશ્રીઓ અથવા ચેરમેનશ્રીએ નિયુકત કરેલ કોઈ એક ડાયરેકટર આ તાલીમમાં અવશ્ય હાજરી આપે તે જરૂરી છે.

બીજો તાલિમ વર્ગ તા.૨૪ થી ૨૫ એપ્રીલ ૨૦૧૪ દરમ્યાન ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફંડ મેનેજમેન્ટ માટે છે. આ તાલિમ કાર્યક્રમમાં જનરલ મેનેજર/સી.ઈ.ઓ/મેનેજર કક્ષાના અધિકારીઓએ હાજર રહેવું જરૂરી છે.

દરેક બેન્કે ડાયકેરટરના તાલિમી કાર્યક્રમમાં અને અધિકારીના તાલિમી કાર્યક્રમમાં એક એક પ્રતિનિધિનેજ મોકલવાના છે એટલે કે કોઈ એક કાર્યક્રમમાં એકથી વધુ પ્રતિનિધિ મોકલવા નહીં. તાલીમના ની જાણ હવે પછી કરવામાં આવશે.